**પ્રશ્ન:- શ્રી વંડી પ્રાથમિક શાળાના શિક્ષક કૈલાશકુમાર નાટડાએ E-Class નવતર પ્રયોગ દ્વારા ગેરહાજરીનું પ્રમાણ ઘટાડ્યું. આપ શિક્ષક દ્વારા E-Classનવતર પ્રયોગ કરેલ છે.જો હા તે તેની વિગત અને પરિણામ ટૂંકમાં જણાવો.**

તારણ:- શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

(૧) ધોરણ ૬ થી ૮ ના બાળકો ગુજરાતી,અંગ્રેજી અને હિન્દીમાં વાર્તાથી રસ લેતા થાય તે હેતુથી શાળામાં એક જુનો ફોન રાખવામાં આવ્યો છે જેના મેમરીકાર્ડમાં **ઓડિયો વાર્તા(E-story)** રાખવામાં આવી છે બાળકો જયારે પણ ફ્રી હોય ત્યારે સાંભળે છે.આ વર્ષથી બાળક પોતાના ઘરે પણ આ ઓડિયો વાર્તા(E-story) પોતાના ઘરે ફોનમાં સાભળે તે હેતુથી વિદ્યાર્થી પાસે મેમરીકાર્ડ મંગાવવામાં આવશે અને તેમાં શિક્ષક તરફથી ડેટા નાખી દેવામાં આવશે.
(ધવલભાઈ ભગત-અમદાવાદ-9879811712)






(૨) જે શાળામાં E-class નથી એવી શાળામાં શિક્ષક દ્વારા **લેપટોપ, કોમ્પ્યુટર, સ્માર્ટફોન, પ્રોજેક્ટર, TV જેવા દ્રશ્યશ્રાવ્ય માધ્યમમાં DVD , CD તેમજ યુટ્યુબના સહારે શૈક્ષણીક વીડિઓ** તેમજ ઓડિયો-વીડિઓ સાહિત્ય ડાઉનલોડ કરીને બાળકોને તેમાંથી અભ્યાસ કરાવવામાં આવે છે.આ પદ્ધતિથી શાળામાં હાજરી, બાળકોની વર્ગખંડમાં એકાગ્રતા વધે છે. (સતીશભાઈ પરમાર-રાજકોટ-9558554560, પ્રિયંકાબેન મહેતા-પોરબંદર-7575834793, મુકેશભાઈ ઉપાધ્યાય-વડોદરા-9925799846,ધર્મેશકુમાર પરમાર-આણંદ-9824379606, અશ્વિનભાઈ પટેલ-સુરેન્દ્રનગર-9427665972, તપનકુમાર-ગીરસોમનાથ-8866162565, શ્રદ્ધાબેન રાવલ-ભાવનગર-9106609899, મહેમદસોહેબ સોઢા-કચ્છ-9979522899, રમેશચંદ્ર પટેલ-ભરૂચ-9426859056,ગીરીશભાઈ ચૌધરી-દાહોદ-9726765229, પ્રતિકભાઈ દરજી-દાહોદ-9909215144, વિરલભાઈ શર્મા-આણંદ-9979230760)

(૩) બાળકોને પુસ્તકમાંથી અભ્યાસ કરવામાં ક્યારેક કંટાળો આવતો હોય છે, આ પ્રકારના પ્રકરણને **પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન (PPT)** બનાવીને અભ્યાસ કરાવવામાં આવે છે.
(જ્યોતિબેન ઓઝા-જુનાગઢ-9408949439, મિતુલકુમાર પટેલ-પાટણ-9724641090

(૪) બાળકોને લેખિત ટેસ્ટ આપવામાં કંટાળો આવે છે , આ સમસ્યાના હલ માટે આ **કોમ્પ્યુટર પર ટેસ્ટ** લેવાની ચાલુ કરી તેમજ તેમાં સાઉન્ડની પણ ઈફેક્ટ આપી જેથી બાળકોને ગમે સાથે સાથે બાળકોને **ગૂગલ 3D મેપ** નો ઉપયોગ પણ શીખવાડ્યો. આ સાથે આ પ્રવૃતિથી બાળકો નિયમિત રૂપે ટેસ્ટ આપતા થયા સાથે સાથે બાળકોનો ટેસ્ટ પ્રત્યે જે ડર હતો તે દુર થયો તેમજ ગૂગલ મેપ નો ઉપયોગ કરતા થયા.
(મિહિરભાઈ સોલંકી-મહેસાણા-9510137377, નીરવભાઈ ચૌહાણ-ભાવનગર-9586116776)

(૫) **ધોરણ ૧ ના બાળકો** શરૂઆતના દિવસોમાં શાળામાં આવતા ડરતા હતા આ ડર દુર કરવા માટે તેમને મનગમતી **વાર્તાની ઓડિયો-વીડિઓ કલીપ** બતાવવામાં આવે છે અને તેમનો ડર દુર કરવામાં આવે છે. તેમજ પ્રજ્ઞા ક્લાસના બીજા કામમાં આ પ્રવૃત્તિથી કરવામાં આવે છે.(શાંતીબેન પરમાર-જુનાગઢ-9825193809)

**IIMA GCERT સ્ટેટ ઇનોવેશન ફેર-૨૦૧૮**

આદરણીય શિક્ષકમિત્રો,

આપ છેલ્લા ઘણા સમયથી અમારી સાથે (inshodh.org) સાથે સંકળાયેલા છો.અમને ખુશી છે કે છેલ્લા **૪ વર્ષમાં કુલ ૧૧૫૦૦ નવતર પ્રયોગ** જે સમગ્ર ગુજરાતમાંથી ઇનોવેટીવ શિક્ષક દ્વારા વર્ગખંડમાં અને વર્ગખંડની બહાર કરેલ છે, એકઠા કરીને એક જ જગ્યાએ બધો નીચોડ મળી રહે તે હેતુથી www.inshodh.org પર એક વિશેષ ઇનોવેશનની બેંક બનાવેલ છે. આ બેંક થકી જે શાળામાં કોઈ પણ પ્રકારની સમસ્યા વેઠી રહી છે ત્યાં આ પ્રકારના ઇનોવેશન ની જરૂરિયાત છે તેવી શાળા સુધી ડીજીટલ માધ્યમ થકી ત્યાં પહોચવાનો અમે પ્રયાસ કરેલ છે.આપ સર્વે દ્વારા અત્યાર સુધીમાં કરેલ નવતર પ્રયોગ જે તમે ક્યારેય DIET અથવા IIMA માં મોકલેલ ના હોય તો તેવો **નવતર પ્રયોગ નીચે આપેલ QR-CODE સ્કેન કરી, PDF ફાઈલમાં આપેલ સ્ટેપ અનુસરીને તમારો પ્રયોગ અમારા સુધી ONLINE** પહોંચતો કરો.

અથવા

**આપ ઓફલાઇન સબમિટ કરવા ઈચ્છતા હોય તો આપેલ ફોર્મ ભરીને તેમાં આપેલ અડ્રેસ પર મોકલી આપી OFFLINE** સબમીટ કરો.

IIMA GCERT સ્ટેટ ઇનોવેશન ફેર-૨૦૧૮ માટે ઇનોવેશન સબમિટ કરવાનું ચાલુ કરવામાં આવ્યું છે. આથી બને તેટલું જલ્દી આપનું ઇનોવેશન IIMA ખાતે જમા કરવો.

આપ બને તેટલો આ મેસેજ સેન્ટ કરો અને જરૂરિયાત શિક્ષક્મીત્રોને આપે કરેલ નવતર પ્રયોગ પહોચતો કરો.

આભાર.

ઇનોવેશન સબમીશન બાબત પ્રશ્ન હોય તો
-સંકેત સાવલિયા
કોન્ટેક્ટ નંબર:- ૦૭૯-૬૬૩૨-૪૮૬૧

---

**IIMA- SFC (Schooler for change campaign)**

સમગ્ર ભારત માંથી જે વિદ્યાર્થીઓએ એન્જીનીઅરીંગ, સાઈન્સ, કોમર્સ તેમજ અન્ય ફિલ્ડમાં અભ્યાસ કરી રહ્યા છે તેવા વિદ્યાર્થીઓ દ્વારા પ્રાથમિક શાળાના બાળકો (ધોરણ-૧ થી ૫) માટે વિજ્ઞાન, ગણિત તેમજ ભાષા માટે એનીમેટેડ વીડિઓ બનાવેલા છે આ વીડિઓ જોવા વિઝીટ કરો અમારી યુટ્યુબ ચેનલ - Teachers as Transformers અને સબસ્ક્રાઇબ કરો અમારી આ ચેનલ વધુ વીડિઓ માટે. ચેનલ ઓપન કરવા સ્કેન કરો નીચે આપેલ QR-CODE

.